# પાઠ-૨ રૂપા ડરી નહીં

* શબ્દાર્થ [નોટબુક]

- નીડર- જે ડરપોક નથી તે, નિર્ભય
- અવાચક- સ્તબ્ધ
- પ્રશંસા- વખાણ
- સતર્ક - સાવધાન
- કુશળ - હોશિયાર
- હિંમત - સાહસ
- પકડાઈ જવું - કેદ થઈ જવું
- લૂંટારું - લૂંટ કરનાર

* શ્રુતલેખન [નોટબુક]

૧ લાકડી
૨ તોફાન
૩ દિવસ
૪ હિંમત
૫ સમાચાર
૬ શેરડી
૭ પોલીસ

PAGE No.
DATE

* મૌખિક પ્રશ્નોનાં જવાબ આપો. [નોટબુક]

① રૂપા કઈ રમત રમી રહી હતી ?

જ. રૂપા ચોર-સિપાહીની રમત રમી રહી હતી.

② મનીષના હાથપગ શેનાથી બંધાયેલા હતા ?

જ. મનીષના હાથપગ દોરીથી બંધાયેલા હતા.

③ લૂંટારુઓને કોણે પકડાવ્યા ?

જ. રૂપાએ લૂંટારુઓને પકડાવ્યા.

* લેખિત પ્રશ્નોનાં જવાબ લખો. [નોટબુક]

① રૂપાને કઈ બાબતમાં રુચિ હતી ?

જ. રૂપાને વાંચવામાં અને ખેલકૂદમાં રુચિ હતી.

② મનીષને બંધાયેલો જોઈને રૂપાએ શું કર્યું ?

જ. મનીષને બંધાયેલો જોઈને રૂપા એક પળ માટે અવાચક થઈ ગઈ. પછી તેણીએ હિંમત એકઠી કરીને તેના મુખ પર બંધાયેલ કપડું ખોલી નાંખ્યું.

(3) રૂપાએ લૂંટારુનો મુકાબલો કઈ રીતે કર્યો ?

જ. રૂપાએ લૂંટારુના હાથ પર પૂરા જોશથી બટકું ભર્યું. અને તેની પકડમાંથી ભાગી ગઈ. પછી તેણીએ એક પથ્થર ઉઠાવીને તેને માર્યો. લૂંટારુ જ્યારે પડી ગયો ત્યારે તેને લાકડીથી ખૂબ માર્યો અને મનીષની સહાયતાથી તેને દોરી વડે બાંધી દીધો.


**MAY**

# WEEK-1 [01-05-2025 to 03-05-2025] [3 Day]

→ **નિબંધ** [નોટબુક]

## ગાય

ગાય પાલતું પ્રાણી છે. ગાયનો રંગ ધોળો (સફેદ), કાળો, રાતો કે ટપખારિયો હોય છે. ગાયને ચાર પગ, બે આંખ, બે કાન, બે શિંગડા અને એક લાંબી પૂંછડી હોય છે. ગાય ઘાસ, દાણા, ખોળ વગેરે ખાય છે. ગાય દૂધ આપે છે. ગાયના છાણનું ખાતર બને છે. ખાતર ખેતી માટે ઘણું ઉપયોગી છે. ગાયના બચ્ચાને 'વાછરડું' કહેવાય છે. ગાયને લોકો "ગૌમાતા" કહે છે. ગાયની લોકો પૂજ કરે છે.



Copy

PAGE No.
DATE

→ સંખ્યા :- ૨૧ થી ૩૦ અંક અને શબ્દમાં નિરૂ

૨૧- એકવીસ

૨૨- બાવીસ

૨૩- ત્રેવીસ

૨૪- ચોવીસ

૨૫- પચ્ચીસ

૨૬- છવ્વીસ

૨૭- સત્તાવીસ

૨૮- અઠ્ઠાવીસ

૨૯- ઓગણત્રીસ

૩૦- ત્રીસ

**સંખ્યા :- ૨૧ થી ૩૦ અંક અને શબ્દમાં લિખ**

૨૧- એકવીસ

૨૨- બાવીસ

૨૩- ત્રેવીસ

૨૪- ચોવીસ

૨૫- પચ્ચીસ

૨૬- છવ્વીસ

૨૭- સત્તાવીસ

૨૮- અઠ્ઠાવીસ

૨૯- ઓગણત્રીસ

૩૦- ત્રીસ

WEEK 2 3/4 5 [25-05-2025 to 31-05-2025]